EDII

Navgujarat Samay

July 6, 2016
Page No. 5

## EDI ખાતે 'ક્રેડલ' ઈન્ક્યુબેટર સેન્ટરનો પ્રારંભ

# એક સ્ટાર્ટ અપમાં 100 નવી નોકરીઓનું લક્ષ્ય

**નવગુજરાત સમય > અમદાવાદ**

આન્ત્રપ્રિન્યોરશીપ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા નવા બિઝનેસ આઈડિયાને સહકાર આપવા માટે ક્રેડલ (સેન્ટર ફોર એડવાન્સિંગ એન્ડ લોંચિંગ એન્ટરપ્રાઈઝ) ની શરૂઆત કરવામાં આવી છે. જે ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી તેમજ આંત્રપ્રોન્યોરશીપ ડેવલપમેન્ટ બોર્ડના સહયોગથી વિકસાવવામાં આવ્યું છે. અમદાવાદ ઈડીઆઈનું ટેકનોલોજી બિઝનેસ ઈન્ક્યુબેટર વર્ષે નવા 50 સ્ટાર્ટ અપ્સ દ્વારા ત્રણ વર્ષ સુધી 5000 નવી નોકરીઓ ઊભી કરવા માગે છે. એટલે કે એક સ્ટાર્ટ અપમાં 100 નવી નોકરીઓનું સર્જન કરવાની યોજના છે.



એસ. ગોપાલાક્રિષ્નન

ઉલ્લેખનીય છે કે, આ ઈન્ક્યુબેટર ઉત્પાદન, ફૂડ તથા ખેતી, પુનઃપ્રાપ્ય ઉર્જા અને હેલ્થકેર જેવા ક્ષેત્રોમાં સ્ટાર્ટઅપ્સને મદદ કરશે. ઈન્ફોસીસના સહસંસ્થાપક એસ. ગોપાલાક્રિષ્નન તેના એડવાઈઝરી બોર્ડના ચેરમેન છે. મંગળવારે પત્રકાર પરિષદમાં ક્રેડલ અંગે વાત કરતાં ઈડીઆઈના ડિરેક્ટર સુનિલ શુક્લાએ જણાવ્યુ હતું કે, ઈડીઆઈ દ્વારા ઈન્ક્યુબેટર સ્ટાર્ટઅપ્સને કાયદાકીય, આર્થિક, તકનિકી અથવા તો આઈપીઆરને લગતું માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવશે જેથી સ્ટાર્ટઅપ્સ તેમની વેપારને લગતી ક્ષમતાઓ વિકસાવી શકે. ઈન્ફોસિસ કંપનીના કો-ફાઉન્ડર અને ક્રેડલના એડવાઈઝરી બોર્ડના ચેરમેન પદ્મભૂષણ એસ. ગોપાલાક્રિષ્ણને જણાવ્યું હતું કે, 'દેશમાં સ્ટાર્ટ અપ્સ માટે પ્રોત્સાહનજનક માહોલ ઊભો થયો છે ત્યારે દેશમાં ટેક્નોલોજી બિઝનેસ ઈન્ક્યુબેટર્સના વિકસાવવા જરૂરી છે. સ્ટાર્ટ અપ માટે કોઈ જ ઉંમર કે ચોક્કસ ડિગ્રીની જરૂર નથી હોતી. કોઈને 18 વર્ષથી નાની ઉંમરે કે કે ડિગ્રી મેળવ્યા પહેલાં જો સ્ટાર્ટ અપનો વિચાર આવે તો તેને પ્રોત્સાહન મળવું જ જોઈએ. ઈડીઆઈ પાસે પહેલાથી જ સ્ટાર્ટ અપને પ્રોત્સાહન આપવાના સ્ત્રોત છે, જેનો હવે વધુ ઉપયોગ થઈ શકશે'.